

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*'કોરોના' એ વિશ્વભર મોતનો ભરડો લીધો છે!*
*એવો જ સરકારે પ્રચારનો ભરડો લીધો છે!*
*થયો છે મરડો 'જા.ખ' નો ફોન-છાપાં-રેડિયો પર -*
*મારે છે ફટકા પીઠે ખર્ચનો ભરડો લીધો છે...*

હાઈકુ

*ઢોલ કરતાં -*
*કરો સૌ ઉપચાર -*
*મૌન રહીને...*

*આપે છે ત્રાસ!*
*પ્રચારે ખાંસી પ્રાસ -*
*બુદ્ધિનો હ્રાસ!*

### ચિંતન

***રાજયતંત્રાત્ નીતિશાસ્ત્રમ્ ।***

**ઉપરોક્ત સૂત્ર ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.**

**નીતિશાસ્ત્ર રાજયતંત્રને આધીન છે.**

**રાષ્ટ્ર ત્યારે જ નીતિપરાયણ રહી શકે જ્યારે એનો રાજા કે એની સરકાર (કેબિનેટ) અને તેનું સચિવાલય. એની સરકાર ખુદ નીતિ પરાયણ હોય. જો પ્રજાને પોતાની કાયદેસરના કામ કરાવવામાં પણ લાંચનો સહારો લેવાની જરૂર પડતી હોય તો પછી રાજયના શાસનમાં નીતિની અપેક્ષા કેવી રીતે રહે ?**

**રાજતંત્રનો અર્થ જ સમાજની નીતિમત્તાની કાયદા અને શાસન દ્વારા સુયોજિત આચરણ વ્યવસ્થા છે. શાસનતંત્રની બહાર નીતિ નામની કોઈ ચીજ નથી. નીતિ શાસનવ્યવસ્થા દ્વારા વડે જ સુરક્ષિત રહે છે.**

**રાજયતંત્રની ઉપેક્ષા કરનાર, એણે ઘડેલા નિયમોનું ઉલ્લંઘન કરનાર કે અવગણના કરનાર મનુષ્ય નીતિ વિહીન કહેવાય છે. નીતિ દ્વારા રાજતંત્ર નહીં પણ રાજતંત્ર નીતિની જનેતા છે. શાસન વ્યવસ્થા જાતે જ નીતિ પરાયણ હોય - રહે તો સમાજ આપોઆપ નીતિમાન થાય છે.**

### સુવિચાર

- કોઈને આપી શકાય તેવી શ્રેષ્ઠ ભેટ છે.. તેમની જરૂરિયાત પણ આપણી હાજરી...!! - **મુંબઈ સમાચાર**
- જવાબદારીઓ ઘરમાં રાખેલ કુંડાના છોડ સમાન છે, છોડને મોટા થવાનો અધિકાર નથી પણ કાયમ લીલાછમ્મ રહેવું પડે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- કાર્ય એવી રીતે કરો કે નિષ્ફળતા અશક્ય બની જાય - **જહોન ડોરોથી**
- બીજાઓના અનુભવમાંથી તમે ડહાપણ શીખો છો તો તેઓની નિષ્ફળતામાંથી તમારી ભૂલો સુધારો - **ચેસ્ટર ફિલ્ડ**
- આશા નિર્બળતામાંથી જન્મે છે પણ તેના ગર્ભમાંથી જ શક્તિનો જન્મ થાય છે - **પ્રેમચંદ**
- ખૂંટે બંધાયેલા ઘોડાની જેમ એક સજ્જન માણસ તેના સન્માનને બંધાયેલો છે - **અનામી**
- આજનું ઔષધ : જામફળના કુમળા પાન ચાવીને ખાવાથી રસ પેટમાં ઉતારી જવો, મોંઢામાં ચાંદામાં રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

૧૯૩૩ની સાલમાં સત્યાગ્રહની લડતમાં ગાંધીજી સવારે પાંચ વાગ્યાથી રાત્રે અગિયાર વાગ્યા સુધી સતત મુલાકાતો અને ચર્ચામાં વ્યસ્ત રહેતા. ત્યારે પ્રખ્યાત લેખક વીલ ડુરાં પેરિસથી તેમને રુબરુ મળવા આવ્યા. સવારે ૬ વાગ્યે ગાંધીજીએ પાંચ મિનિટ માટે મળવાનો સમય નક્કી થયો. આ પ્રશ્નોત્તરીના પ્રશ્નોના જવાબ માટે ગાંધીજીને નમન કરવા પડે.

પ્રશ્ન : તમારી જીવનની સમજણ શી છે ?

ગાંધીજી : જીવન જ મારા માટે સાચું છે અને દિવ્ય છે. જીવનને હું પરમાત્માનો દિવ્ય તણખો ગણું છું.

પ્રશ્ન : આપના જીવનમાં કઈ વસ્તુ તમને બળ આપે છે?

ગાંધીજી : સંપૂર્ણ સાક્ષાત્કારની ઝંખના મને જીવનમાં બળ આપે છે.

પ્રશ્ન : કોઈ ધર્મ તમને મદદરુપ થાય છે?

ગાંધીજી : ધર્મનો પ્રચલિત અર્થ હું કદી કરતો નથી. ધર્મને હું તેના વિશાળ અર્થમાં સમજું છું. આવો ધર્મ મને ભગવાનના રહસ્યોને સમજવામાં મદદ કરે છે. અને આ રહસ્યો મને સત્ય પાલનથી જ સમજાઈ રહ્યું છે.

પ્રશ્ન : જીવનનું આશ્વાસન અને આનંદ ક્યાંથી મળે છે ?

ગાંધીજી : પ્રાણી માત્રની નિષ્કામ સેવામાં મને આશ્વાસન અને આનંદ મળે છે.

વીલ ડુરાંએ નોંધ્યું કે સમયની ખેંચ હોવા છતાં ગાંધીજીએ મારા બધા જ પ્રશ્નોના સચોટ જવાબો આપ્યા છે.

# કોંગ્રેસ અને કોરોનાની બોલબાલા

**તંત્રીસ્થાનેથી...**

અમેરિકા અને ચીન જેવી મહાસત્તાઓ સહિત દુનિયાના એકસો અડસઠ દેશો કોરોના સ્વરુપે અવતરેલી વાઈરલ આફત સામે ઝઝૂમી રહ્યા છે. અમેરિકાના સિયેટલ શહેરમાં કોરોનાની રસીનું પહેલું ઈંજેકશન અપાઈ ચૂક્યું છે. ચીને કોરોના ડિસીઝની સારવાર માટેની અસરકારક દવા શોધી કાઢી હોવાનો પણ દાવો કર્યો છે, જો કે રસી અને દવા વિશ્વના બજારમાં આવતાં મહિનાઓ બલકે વરસ-દોઢ વરસ લાગી શકે એમ છે કારણ કે અત્યારે તો હજી એ તદ્દન પ્રાથમિક તબક્કામાં છે અને ટેસ્ટ ડોઝ સ્વરુપે અપાઈ રહેલ છે. બેઉ મહાસત્તાઓ વચ્ચે આ રૂપકડા વાઈરસ મુદ્દે ઉગ્ર તનાવ પણ શરુ થયો છે. ચીને આ કોરોના વાઈરસ અમેરિકન સૈનિકમાં પહેલોવહેલો જોવા મળ્યાનો દાવો કરી રહ્યું છે કે અમેરિકાની આ ચીનને પાછળ પાડી દેવાની સાઝિશ છે. બીજી તરફ અમેરિકન પ્રેસિડેન્ટ ટ્રમ્પ પોતે હવે કોરોનાને 'ચાઈનીઝ વાઈરસ' કહેવાનું પસંદ કરે છે. બેઉ રાષ્ટ્રો એકમેક પર દોષનો ટોપલો ઢોળી રહ્યાં છે. પ્રશ્ન આ મારક વાઈરસથી બચવાનો છે. એની ધાકથી ગ્લોબલ માર્કેટ લથડી પડ્યું છે, ઉડ્ડયન ઉદ્યોગ પડી ભાંગવાની કગાર પર છે. મંદીના ઝટકા પર આ પડતા પર પાટુ જેવી પરિસ્થિતિ સરજાઈ છે ત્યારે માણસને એનું ભાવિ સ્વાભાવિક રીતે જ ધૂંધળું લાગે. પરંતુ આપણે ત્યાં એક રાજકારણી નામની જમાત છે જેને સ્મશાનની ચિતા પર પર સત્તાનાં જ સપનાં અને સમીકરણો માંડવાં ગમે છે. ભારતને કોંગ્રેસમુક્ત કરવાનો કાર્યક્રમ દેશને કોરોનામુક્ત કરવા કરતાં ભાજપની ટોચની નેતાગીરીને વધુ મહત્ત્વનો લાગે છે. એટલે મધ્યપ્રદેશના વયોવૃદ્ધ રાજયપાલ લાલજી ટંડન કોંગ્રેસી મુખ્યમંત્રીને વહેલી તકે વિદાય કરી દેવા અને ત્યાં બળવાખોર કોંગ્રેસીઓના સહયોગથી ભાજપની તાજપોશી કરવા ઉતાવળા - અધીરા બન્યા છે. ગુજરાતમાં પણ ભાજપની નેતાગીરી કેટલાક કોંગ્રેસી ધારાસભ્યોને રાજી કરીને પોતાની ત્રણેય રાજય સભાની બેઠકો અકબંધ જાળવી રાખવા કૃતસંકલ્પ છે. કોંગ્રેસમાં નેતૃત્વનો શૂન્યાવકાશ સરજાય છે. અહેમદ પટેલ વર્ષોથી ગાંધી પરિવારના લાડકા રાષ્ટ્રીય ગુજરાતી નેતા બની રહ્યા છે. ૨૦૧૭માં એ પાંચમી વાર રાજયસભાની ઉમેદવારી કરીને દિલ્હીમાં એમનો વક્કર અકબંધ રાખી શક્યા હતા. શંકરસિંહ વાઘેલાને પાર્ટીમાંથી ફરજિયાત નીકળી જવું પડે એવી પરિસ્થિતિ સર્જવામાં એમને સફળતા મળી હતી જે ગુજરાત કોંગ્રેસ માટે રહી સહી આશાઓનું ઉઠમણું સાબિત થઈ હતી. અત્યારે હવે ભાજપ કોંગ્રેસના ધારાસભ્યો રુપી કાંગરા ખેરવી રહ્યું છે. ત્યારે પાર્ટીના બે અધિકૃત ઉમેદવારો - શક્તિસિંહ ગોહિલ અને ભરતસિંહ સોલંકી વચ્ચે ગજગ્રાહ શરૂ થયો છે. 'હું મરું પણ તને તો રાંડ કરું જ' - એવી નકારાત્મક માનસિકતા એ કોંગ્રેસનો સ્થાયીભાવ - સ્વભાવ બની રહેલ છે. જૂથવાદના વરવા ખેલ છેક પ્રથમ મુખ્યમંત્રી જીવરાજ મહેતાના સમયથી શરૂ થયેલો, જેને મોરારજી દેસાઈ જેવા સિદ્ધાંતવાદી નેતાએ હવા આપી હતી. છેલ્લે માધવસિંહ સોલંકીએ અને ભાજપમાંથી આવેલા શંકરસિંહ વાઘેલાએ બાકીનો કર્મકાંડ પૂરો કર્યો, જેનો જશ એ બે નેતાઓ કરતાં વધારે અહમદ પટેલને જાય છે. ધન્ય હો ધન્ય જ પુણ્ય પ્રદેશ - અમારો ગુણિયલ ગૂર્જર દેશ !

# હું લોકોની વિપદાઓ સાંભળી તેમનાં દુ:ખ હળવાં કરી શકું છું



## નવાં કલેવર

નટવર હેડાઉ

બગીચામાં ગુલાબ તેની ડાળખી ઉપર મોજથી ઝુમતું હતું. કયારેક ઠંડી હવાની લહેરખીથી જરી થર થર કંપતું, કયારેક ઝરમર વરસાદમાં ભીંજાતાં જરા સંકોચાતું, પોતાની મધુર મીઠી મીઠી મહેકથી તેની નજીકથી પસાર થનાર દરેકને જરા લલચાવતું પોતાની તરફ આકર્ષિત કરવાની કોશિશ કરતું હતું.



લોકો ખુબસુરત ગુલાબને જોતાં, તેની મોહક મહેંકથી આનંદિત થતાં આગળ વધી જતા હતા. કયારેક કોઈ આ સુંદર ગુલાબને તોડવાની કોશિશ કરતું તો ગુલાબની આસપાસ લાગેલા કાંટા તેણે જાણે કે પોતાની સુરક્ષામાં ઘેરી લેતા કાંટાની ચસક અનુભવતાં તોડવાની ઈચ્છા ધરાવનાર ગુલાબને તોડ્યા વિના જ આગળ વધી જતા. કાંટા પોતાનું કર્તવ્ય નિભાવતા ખુશ હતા. પરંતુ ગુલાબની નજીકમાં પડેલ એક મોટો પથ્થર ખુબ ઉદાસ રહેતો હતો. એણે એક દિવસ ગુલાબને કહ્યું.

'દોસ્ત, તારી જિંદગી કેટલી સાર્થક છે. તું લોકોને ખુશખુશાલ કરી દે છે. હરપળ જીવનમાં હસતાં રહેવાનો સંદેશ આપે છે. કાંટા તારા રક્ષક બની તને સુરક્ષા આપવા પોતાના જીવનનો ઉદ્દેશ્ય સમજે છે. પણ મને જો મારું જીવન કેટલું નિરર્થક છે. ન તો હું કોઈના ઉદાસ મનને શાળા આપી શકું છે, કે ન તો કોઈ મને પોતાનાં સુખ-દુ:ખમાં સામેલ કરે છે. તારી નજીક રહીને મને સુખ મળે છે અને તને હસતાં જોઈ હું જરા ખુશ થઉં છું. કાશ ! હું પમ કોઈનું દુ:ખ હળવું કરી શકત તો કેવું સારું.'

ગુલાબ ધીમેથી હસ્યું, અને બોલ્યું, 'મિત્ર, પથ્થર તું દુ:ખ ન લગાડ. જે ઈશ્વરે મને અસ્તિત્વ આપ્યું છે તેને તને પણ બનાવ્યો છે. ઈશ્વરે દરેક કણ કણનો ઉદ્દેસ્ય નક્કી કરેલો જ હોય છે. ઈશ્વરને હું પ્રાર્થના કરીશ કે જે રીતે તને મારી નજીક રહીને સુખ પ્રાપ્ત થાય છે એ જ રીતે મને પણ તારાં ચરણોમાં ઝુકીને આશીષ મેળવવાનું સુખ મળે.'

પથ્થરે કહ્યું, 'ગુલાબ, તું દેખાવમાં જેટલું સુંદર છે તેટલું જ તારું મન નિર્મળ અને સુંદર છે. તું પળભરમાં મારા ઉદાસી મનને ખુશ કરી દે છે.'

ગુલાબે કદાચ પોતાના ખુબસુરત મનથી સાચી પ્રાર્થના કરી હતી. થોડી જ વારમાં તેમની નજીકથી એક શિલ્પી પસાર થયો. સુંદર ગુલાબને જોઈને મોહિત થઈ ગયો. તેવામાં તેની નજર પથ્થર પર પડી. કલાકારની દષ્ટિએ તેને પથ્થરમાં કલાની અનંત સંભાવનાઓ નજરે પડી. તેણે પથ્થરને ઉઠાવ્યો અને નજીકના વૃક્ષની છાંયામાં બેસીને પોતાની છીણીથી પથ્થર ને કોતરવા લાગ્યો. થોડી જ વારમાં એ પથ્થર સુંદર લાગતી કૃષ્ણ પ્રતિમામાં પરિવર્તિત થઈ ગયો. તે વખતે ત્યાંથી પસાર થઈ રહેલ એક પુજારીની નજર કૃષ્ણની પ્રતિમા પર પડી. તેણે એ પ્રતિમા શિલ્પી પાસેથી ખરીદી લીધી. ગુલાબે પોતાના મિત્ર પથ્થરને કૃષ્ણની મૂર્તિરુપે જોઈ મસ્તક નમાવી ઝુકીને પ્રણામ કર્યા. કૃષ્ણ બનેલ પથ્થરે પોતાની આંખોથી ગુલાબ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતા ભારે મને વિદાય લીધી. પુજારીએ નજીકમાં રહેલ મંદિરમાં, જયાં તે પૂજા કરતો હતો ત્યાં કૃષ્ણની મૂર્તિને પ્રતિષ્ઠિત કરી દીધી.

સવારે પુજારી બાગમાં આવ્યો. તેને પૂજા માટે ડાળ પરથી ફૂલ ચૂંટ્યા. તેમાં પેલું ગુલાબ પણ હતું. પુજારીએ મંદિરમાં હતી તે મૂર્તિઓ પર ફૂલ ચડાવ્યા. અને ગુલાબ કૃષ્ણ પ્રતિમાને અર્પણ કર્યું. ગુલાબ ભાવવિભોર થઈ બોલ્યું, 'આજ તારા ચરણોમાં આવીને હું ખુશ છું, કે મને તારા આશીષ મળી ગયા.'

કૃષ્ણ રુપે પરિવર્તિત થયેલ પથ્થરે કહ્યું, 'હું પણ ખુશ છું કે હું લોકોની વિપદાઓ સાંભળી તેમનાં દુ:ખ હળવાં કરી શકું છું. હવે મારા જીવનને સાર્થકતા પ્રાપ્ત થઈ છે. ગુલાબ તે સાચા દિલથી પ્રાર્થના કરી તેણે જ મારું જીવન બદલી નાખ્યું છે.'

કૃષ્ણની વાંસળીથી ગુલાબની પ્રાર્થના અલૌકિક ધૂનની સ્વર લહરીઓ બની ગુંજી ઊઠી. જેણે સમગ્ર બ્રહ્માંડને રસ-વિભોર કરી દીધું.

# લોકોના વ્યવહાર અને વર્તન થકી અનેક યુગલો અને સમાજ ખંડીત થતો રહ્યો છે



## આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

**(ગતાંકથી ચાલુ)**

કોઈ જ પ્રકારના કારણ વિના, કોઈ જ પ્રકારના અંગત લાભ વિના કોઈની નિંદા કરવી, કોઈની કુથલી કરવી, કોઈની કોઈ વિરુદ્ધ ચડામણી કરવી, કોઈને કોઈની નજરમાં ઉતારી પાડવા એ વૃતિ એક પ્રકારની વિકૃતિ જ છે. આ પ્રકારની વૃતિને રામાયણની ભાષામાં આપણે મંથરાવૃતિ પણ કહીએ છીએ. આ પ્રકારની વૃતિથી ભાગ્યે જ કોઈ વ્યક્તિ અપવાદરૂપ રહી શકતી હશે. જાણ્યે-અજાણ્યે, કોઈ લાભની અપેક્ષા સાથે કે અપેક્ષા વિના આપણે સૌએ ક્યારેક ને ક્યારેક તો આ વૃતિને પાળી પોષી હશે, આ વૃતિને પંપાળી હશે, જાણ્યે અજાણ્યે કેટલાક દંપતિઓને ખંડિત કર્યા હશે. હા ક્યારેક આપણે પણ આ વૃતિનો શિકાર પણ બન્યા હશું.

રામાયણના મંથરાના ઉદાહરણને લઈને એક સાધારણ જનમાન્યતા એવી છે આ વૃતિ સ્ત્રીઓમાં વધુ જોવા મળે છે. હકીકત કઈક જુદી છે. મનોવૈજ્ઞાનિકોનું કહેવું છે કે આ વૃતિને અને જાતિને કોઈ જ લેવેદેવા નથી. આ વૃતિ જેટલી હદે સ્ત્રીઓમાં જોવા મળતી હોય છે એટલી જ હદે પુરુષોમાં પણ જોવા મળતી હોય છે. આ વૃતિને ઉમર સાથે પણ કઈ જ લેવેદેવા નથી. હા નિર્દોષ બાળકોમાં આ વૃતિ નથી હોતી. બીજું, સમાજનું કોઈ જ ક્ષેત્ર એવું નથી જ્યાં આ પ્રકારની વૃતિ ધરાવતા લોકો ના હોય. આપણાં સમાજમાં દરેક જગ્યાએ, દરેક ક્ષેત્રમાં, દરેક સ્તરે આ પ્રકારની વૃતિ હાજરાહજુર જોવા મળતી હોય છે જેના થકી પેલા ક્રૌંચવધની જેમ, દશરથ – કૌશલ્યાની જેમ, રામ-સીતાની જેમ અનેક યુગલો વિખૂટા પડતાં રહે છે પરિણામે અનેક પરિવારો નંદવતા રહે છે.

આ વિષય ઉપર રામાયણનો એક બીજો પ્રસંગ પણ મનનીય છે. શ્રી રામનાં વનવાસ દરમ્યાન રાવણ દ્વારા સીતાજીનું અપહરણ થયું, લંકામાં શ્રીરામનો ભવ્ય વિજય થયો અને સીતાજીને લંકામાથી છોડાવ્યા. એ એકાદ વર્ષનાં સમય દરમ્યાન સીતાજીને લંકામાં, રાવણની લંકામાં ફરજીયાત અને કમને રહેવું પડ્યું હતું. લંકામાં વિજય મેળવી, સીતાજી ને લંકામાંથી છોડાવી, ચૌદ વર્ષનો વનવાસ પૂરો કરી શ્રીરામ –સીતા-લક્ષ્મણ અયોધ્યામાં પરત ફર્યા. શ્રીરામનો રાજ્યાભિષેક થયો. સીતાજીના લંકવાસ દરમ્યાન રાવણે સીતાજીને એકવાર પણ સ્પર્શ પણ કર્યો ન હતો.

આયોધ્યામાં શ્રીરામના રાજયમમાં શ્રીરામ–સીતાનું દામ્પત્ય જીવન સુખભર વિતતું હતું ત્યારે અયોધ્યા નગરના એક ધોબીએ શ્રીરામના વિષે એક કટાક્ષ કર્યો હતો. ધોબીની પોતાની પત્ની જે છાનીમાની ક્યાંક ચાલી ગયેલી અને પરત ફરી ત્યારે પોતાની પત્ની સાથે ધોબીએ શ્રીરામનો કટાક્ષ કરતાં કહ્યું હતું કે "હું કઈ રામ નથી કે રાવણને ત્યાં રહી આવેલી સીતાને ઘરમાં ફરીથી રાખી લીધી તેમ તને હું રાખી લઉં. તું મારા ઘરમાંથી ચાલી જા". ધોબીના કટાક્ષની આ વાત તુલસીદાસ રચિત શ્રીરામ ચરિત માનસમાં વર્ણવી છે.

ભવભૂતિના ઉતર રામાયણમાં આવી જ કઇંક વાત જૂદી રીતે કહેવાઈ છે. પોતાના નગરની વાતો પોતાના સુધી પહોંચે એ અર્થે શ્રીરામે ઘણા વિશ્વાસુ ગુપ્તચરો નિમ્યા હતા. એક દિવસ શ્રીરામના ભદ્ર નામના એક ગુપ્તચરે શ્રીરામને માહિતી આપતા કહ્યું કે "લોકોને એક વાત ખટકે છે. યુદ્ધમાં રાવણને હણીને રઘુનાથજી સીતાને ઘરે લઈ આવ્યા. રામનાં મનમાં સીતાના ચારિત્ર્ય વિષે કોઈ રોષ કે અમર્ષ કેમ ન થયો ? રામને સીતા સાથે જે મિલનસુખ પ્રાપ્ત થાય તે વખતે શ્રીરામના હૃદયમાં કેવી લાગણી થતી હશે? ( કીદંશ હૃદયે તસ્ય સીતા સંભાગજં સુખમ ). રાવણ પહેલા સીતાને બળપૂર્વક ખોળામાં બેસાડીને (અંકમારોપ્ય) હરી ગયો. પછી તો લંકા લઈ જઈને એણે સીતાને અંત:પૂરના ક્રીડા –કાનન માટેના અશોકવનમાં રાખી. આમ એ (સીતા) રાક્ષસોનાં કાબૂ હેઠળ ઘણા દિવસો રહી તો ય રામને એને માટે ધૃણા કેમ નથી થતી ?" ભદ્રએ આ વાત આગળ ચલાવતા કહ્યું કે,

અસ્માકમપિ ઘરેષુ સહનીયં ભવિષ્યતિ
યવા હી કુરૂતે રાજા પ્રજાસ્તમતુવર્તતે

"લોકો અંદર અંદર વાતો કરે છે. હવે અમારે પણ અમારી સ્ત્રીઓની આવી બાબતો સહન કરવી પડશે. કારણ કે રાજા જેવુ કરે તેવું પ્રજા પણ એમ કરવામાં અનુસરતી હોય છે "

શ્રીરામ અને સીતા વિષે આ પ્રકારની નિંદાત્મક વાત તુલસી રામાયણની હોય કે ઉત્તર રામાયણની. લોકો દ્વારા કહેવાયેલી વાત ભદ્રએ રામને કરી હોય કે ધોબીની ટીકા હોય, જે કઈ હોય પણ લોકનિંદાને વશ થઈને શ્રીરામે સીતાજી નો ત્યાગ કર્યો. લોકોએ નિંદા કરીને શ્રીરામ અને સીતાજીને વિખૂટા પાડયા. સીતાજીને ફરી પાછા શ્રીરામે વનમાં મોકલી દીધા. શ્રીરામ અને સીતાજીને વિખૂટા પાડવાનો રામાયણનો આ એક વધુ દુ :ખદ પ્રસંગ.

આમ જોઈએ તો નિંદાવૃતિ કે કુથલીવૃતિ કે મંથરાવૃતિ એક પ્રકારનો માનસિક રોગ છે. મનોવૈજ્ઞાનિકો અને મનોચિકિત્સકો પણ આ વાતને સમયાંતરે વારંવાર સમર્થન આપતા રહ્યા છે. અન્ય લોકોની નિંદા કે કુથલી કરીને, કોઈ વિરુદ્ધ કોઈની ચડામણી કરીને લોકોના પરિવાર બરબાદ કરવામાં આ પ્રકારની વૃતિ ધરાવતા લોકોને આનંદ આવતો હોય છે. એક શિકારી, પોતાનો શિકાર કરીને, પોતાનો શિકાર બનેલા પક્ષી કે પ્રાણીને વલવલતા જોઈને જે પ્રકારનો આનંદ માણતો હોય છે એવો જ આનંદ આ પ્રકારના લોકો યુગલોને વિખૂટા પાડીને માણતા હોય છે. એ આનંદ ખરા અર્થ માં આનંદ નથી હોતો પણ એક વિકૃત આનંદ હોય છે, એક રાક્ષસી આનંદ હોય છે, એક દૈત્ય આનંદ હોય છે કારણ કે એ આનંદ કોઈની પીડા થકી ઉદભવતો હોય છે. એ આનંદ કોઈની લાગણી દુભાવ્યા પછી મળતો હોય છે. એ આનંદ કોઈ નિર્દોષ યુગલોની ટીસ અને ચીસમાથી નિકળતો હોય છે.

**(ક્રમશ:)**

# નાણાંકીય સંસ્થાઓને ટકાવવાની જવાબદારી કોની છે ?



## જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

ભારતીય બેંકો ઉપર ગ્રહણ લાગ્યું હોય તેવો માહોલ ઊભો થઈ ગયો છે. સરકારી ક્ષેત્રની બેંકો, સહકારી બેંકો, ખાનગી બેંકો, ગ્રામીણ બેંકો અને વિદેશી બેંકો અર્થતંત્રમાં કાર્યરત છે અને આર્થિક સુધારણા કરવાની સલાહ ૧૯૯૧-૯૨ મા નરસિંહન કમિટી એ કરેલી જે મુજબ દેશના બેન્કીંગ માળખામાં પરિવર્તન લાવવાના સૂચનો કર્યા હતા. અને પ્રવર્તમાન સરકાર આ દિશામાં આગળ વધી રહ રહી છે પણ એ યાદ રાખવું જરૂરી છે કે આ ભલામણો કર્યાને બે દાયકાઓ થઈ જવા આવ્યા અને તે દરમિયાન ડિજિટલ પ્રોસેસ ઘણો વ્યાપક થયો છે આ મુદ્દાને ધ્યાનમાં લઈને ખાસ પ્રકારે કોન્સિલિડેશન થવુ જોઈએ. એક જમાનો હતો કે ખુદ સરકાર એવું ઈચ્છતી હતી કે બેન્કીંગ સુવિધાઓ છેક છેવાડાના આમ આદમી સુધી સરળતાથી ઉપલબ્ધ થવી જ જોઈએ! લિડ બેન્ક સ્કીમ ૧૯૬૯ દરમિયાન આવી શાખાઓનું વિસ્તરણ કરવામાં આવ્યું અને પ્રત્યેક ગામડાને બેંક શાખા મળે તેની ચિવટ રાખવામાં આવી. આ બધું જે તે સમયે વ્યાજબી કદમ કે આયોજન હતું પરંતુ ૧૯૯૨ પછી કોમ્પ્યુટર્સનું આગમન થયું અને એક નવો યુગ બેન્કીંગમાં શરુ થયો.

પ્રથમ મોબાઈલ આવયો ત્યારે એ લાગતું હતું કે વાતચીત સંવાદ માટેની નવી સુવિધા છે અને ડિજિટલ વિશ્વ થયા બાદ આ મોબાઈલ બેન્ક બની જશે તેવો ખ્યાલ કોઈને ના હતો. સમય જતા બેન્કોની સ્થિતિ બદલાય અને અર્નિંગ એસેટ્સ દબાણમાં આવવા લાગી. જોખમ ખર્ચ (ટિસ્ક કોસ્ટ) સતત્ વધવા લાગ્યું કે જેની ઉપર બેન્કોનો કોઈ સીધો અંકુશ ના હતો ! રિઝર્વ બેન્ક એ બેન્કોની બેન્ક છે અને બધી બેન્કો યોગ્ય રીતે ચાલે તે સુનિશ્ચિત કરવાની તેની જવાબદારી બનતી હોય છે. આ વાત એટલો માટે ઊભી થઈ કે પી.એમ.સી. બેન્કના પ્રથમમાં માંડ માંડ શાંતિ થઈ ત્યાં હાલમાં જ યસ બેન્ક નબળી પડી તેવા ન્યુઝથી પ્રજા નાણાં ઉપાડવા એટીએમ ઉપર લાઈનમાં ઊભી રહી ગઈ. રોકડ ખૂટી ગઈ ભીડ વધતી ગઈ અને જે વિશ્વાસ હોય એ તૂટી જાય પછી બેંકનું અસ્તિત્વ ખતરામાં આવી જતું હોય છે. ૨૦૦૪માં શરુ થયેલી યસ બેન્ક સારી રીતે ચાલતી રહી અને સાવ અચાનક રિઝર્વ બેન્કે નીતિ-નિયમો જાહેર કરી આ બેન્કને સંભાળવા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાને આદેશ કર્યા આ કારણે જ લોકોમાં ગભરાટ વ્યાપી ગયો ! ઈ.ડી. એ. યસ બેના સ્થાપક રાણા કપૂરના મુંબઈના નિવાસ સ્થાને દરોડા પાડી તપાસ હાથ ધરી છે. કાયદો તેનું કામ કરશે પરંતુ જે લોકોએ વિશ્વાસ રાખીને પોતાના નાણાં ત્યાં થાપણ તરીકે રાખ્યા તેઓનો કોઈ દોષ ખરો ? નાણાંકીય સંસ્થાઓને ટકાવવાની અંતે જવાબદારી કોની હોય છે? આ પ્રશ્ન બધું જ ગંભીર છે કેમ કે બેન્કો એન.પી.એ.ના પ્રહારથી અતિશય સંઘર્ષ કરી રહી છે વસુલાત કરવામા હજારો વિઘ્નો ઊભો થઈ ગયા છે તેની સ્થિતિ વણસતી જ જાય છે.

નોન પરફોર્મિંગ એસેટના મામલે સરકારી બેંકો ટોચે છે જેમ કે સ્ટેટ બેન્કમાં ૧.૫૯ લાખ કરોડ, પી.એન.બીમાં ૭૬૮૦૯ લાખ કરોડ, બીઓપીમાં ૭૩૧૪૦ લાખ કરોડ, બેન્ક ઓફ ઈન્ડિયામાં ૬૧૭૩૦, યુનિ બેન્ક ૫૯૯૨૪, કેનેરા બેન્ક ૩૬૬૪૫ અને સેન્ટ્રલ બેંકમાં ૩૩૨૫૯ લાખ કરોડ એન.પી.એ. છે! મોટી બેન્કોએ ૫૦૦ કંપનીઓને ૩૯ કરોડની લોન આપી છે. તેમાં રૂા. ૭.૩૫ લાખ કરોડ ડિફોલ્ટ થઈ ગયા છે. બેન્કીંગની કઠણાઈ એ છેકે ક્રેડીટ ફલોમાં અગ્રતા કોને આપવી અને ઉત્તમ ગણાતી કંપનીઓને પસંદ ના કરે તો ધંધો શી રીતે થાય ? એસેટ ક્રિએટ કરે તેવાની યોગ્ય ચકાસણી બાદ ક્રેડીટ મંજૂર થાય તે બાદ યોગ્ય સુપરવિઝન અને ફોલોઅપ ચાલે તો સ્થિતિ કદી બગડે નહીં. પ્રાથમિકતા પ્રાપ્ત ક્ષેત્રોમાં પણ ધિરાણ કરવાનું હોય છે. પરંતુ સમસ્યાના મૂળમાં લોન વિતરણ બાદ કેમ સત્વરે પ્રશ્ન ઉપર કાર્યવાહી થતી નથી એ જ છે. બીજું કે આમ જનતાને એવો અહેસાસ થઈ ગયો છે કે લોન પરત ના કરીએ તો બેન્ક શું કરી લેશે !! કાનૂનના ડરની તો કોઈ વાત જ રહી નથી. ત્રીજું પ્રજા ઉપર જીવન સંઘર્ષનું દબાણ છે ત્યાં નાણાંકીય આયોજન જેવું રહ્યું નથી. ચોથું સરકાર દેવું માફ કરી આપશે તે મુજબની વિચારધારા ગોઠવાતી જાય છે. પ્રજાના નાણાનું યોગ્ય રીતે પ્રબંધન કરી બેન્કો જરૂરિયાતમંદ લોકોમાં ક્રેડીટ વિતરણ કરે છે કે જેથી આર્થિક દષ્ટિ વિકાસ થઈ શકે. કુદરતી કારણોસર એન.પી.એ. થાય તે સમજી શકાય પણ લોકોની અપ્રામાણિકતાના લીધે જો એનપીએ વધ્યા જ કરે તો બેન્કો કદી ટકી શકે જ નહીં. ટૂંકાગાળાના થિગડા કે થાબડભાણા કરવાથી સમસ્યા કદી હલ થાય તેમ નથી. બેંકોના વિવિધિ ઓડિટ થતા જ રહે છે તેની ફળશ્રુતિ શું રહી? ઉચ્ચ સ્તરીય પ્રબંધન શું કરે છે? ઘણી બધી ત્રુટીઓ અને ખામીઓના લીધે બેન્કો તૂટી રહી છે એ નક્કર છતા કડવી હકીકત છે. બેંકો વિકાસની પ્રક્રિયામાં રાષ્ટ્રની કરોડ રજ્જુ હોય છે. ત્યાં નાણાંકીય સહાયથી મૂળ દર્દ મટી જતું નથી એ રિઝર્વ બેંકે પણ યાદ રાખવું પડશે. ભારતમાં ૨૦૦૯ થી વિકાસદર ઘટી રહ્યો છે. યુવાધન વિદેશ જવાના માર્ગે લાઈનમાં છે, બજારમાં માંગ નથી માટે મંદી છે ત્યારે બેન્કોનું મોનિટરીંગ સઘન રીતે થવું જ જોઈએ. નાણાંકીય સંસાધનોની કમી સાથે આપણે જીવી રહ્યા છીએ પ્રજાના મનમાં હવે એ ચિંતા છે કે મહામૂલી બચત કયાં રાખવી કે જ્યાં સલામતી અને યોગ્ય વળતર હોય !! નાના બચતન કર્તાઓ કે વૃદ્ધો અતિ ચિંતિત થતા જાય છે. સરકાર માટે હવે આ પ્રશ્ન ઉપર પડકાર છે તે સમજવું જરૂરી છે.

**શેર આસ્વાદ :**
**જો શિકાયત નહિં કરતે**
**દર્દ ઉન્હે ભી હોતા હૈ**